## ''તુલસી ઇસ સંસાર મેં ભાત ભાત કે લોગ'' | મંજુલા ડી. છેડા

[**પાઘડી બંધબેસતી** (વ્યંગ્યાત્મક લેખો) : લેખક : ડૉ. વિજય શાસ્ત્રી, પ્રકાશક : ઇમેજ પબ્લિકેશન, પૃ. ૬૪, કિં. રૂ. ૪૫/-]

આ વ્યંગ્યાત્મક લખાણોમાં કુલ ૨૧ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ લેખનું શીર્ષક છે 'સત્તા વત્તા પરપીડન'. અહીં શૈક્ષણિક સંસ્થામાં ઉપરીઓ દ્વારા ગુજારાતા ત્રાસ વિશેની વાત વિવિધ ઉદાહરણ દ્વારા રજૂ કરવામાં આવી છે.

'ભૂખ વગરનાને જમાડવાનું કામ' આ લેખમાં વિદ્યાર્થીને ભણવું નથી છતાં શિક્ષક જબરજસ્તીથી કોળિયા ભરાવે છે ત્યારે તેની કદર થવાને બદલે ઘણા આક્ષેપોનો સામનો કરનાર શિક્ષકની દયનીય સ્થિતિ હળવી શૈલીમાં વ્યક્ત કરી છે.

'કાલે ને કાલે ૪૦૦ દાખલા કરી લાવજે' લેખમાં દમનનો મહિમા અને દમન કરવાની અલગ રીતો આપી છે. સંસ્થામાં ચાલતા પ્રવેશકાર્ય અને ટ્યૂશનમાં ગયેલા નાના બાળકની દશા પ્રત્યે 'No comments' કહીને વિચારતા કરી મૂક્યા છે.

'કામ બીજાઓથી જે લેતા થાય' શીર્ષક જ લેખની ભૂમિકા બાંધી આપે છે. આ લેખમાં અંતે દક્ષિણ ભારતીય એક સંસ્થાની પત્રિકામાંથી લીધેલો ફકરો ખૂબ જ જીવનસ્પર્શી છે.

''માણસ પોતાની મરજી વગર આ જગતમાં આવે છે અને મરજી વગર જ આ જગત તેણે છોડવું પડે છે. બાળપણમાં તે પ્રભુનો પયગંબર ગણાય છે, યુવાનીમાં શયતાનનો શાગિર્દ અને વાર્ધક્યમાં મૂર્ખ ! ...બધાંને રાજી રાખવા અશક્ય છે. ફરજ બજાવો અને નિર્ભય બનો. અનકૉમન બની રહેલી એવી કૉમન સેન્સનો ઉપયોગ કરો. હસતા રહો, કેમ કે દરેકને પોતાની જ ચિંતા-સમસ્યાઓનો એટલો મોટો ઢગલો હોય છે કે એને તમારી સમસ્યા જાણવા-સાંભળવામાં જરા પણ રસ રહ્યો હોતો નથી. (પૃ. ૭)

'જાણીતા થવું કદાચ સહેલું છે, પણ માનીતા થવું અઘરું છે.' લેખમાં જાણીતા અને માનીતા રહેવા માટે અણમાનીતા ન બની રહીએ એ માટે ઝઝૂમ્યા કરતા માનવીની સ્થિતિ દર્શાવી છે.

'મોટા રમી શકે એવી કેટલીક રમતો' લેખમાં જાસૂસી, કાનાફૂસી, ચાડીચુગલી અને પછી તમાશો જોવો એ માણસની ફિતરતમાં છે અને અજાણતા ટારગેટ બની જતા માણસની જિંદગી બેહાલ કરી મૂકે છે.

'લુચ્ચા શાસકોની મોડસ ઓપરેન્ડાઇન' અને 'તમે ખરાબ છો' એમ કહેનારા કે ''મૈંને તો ઐસે હી રૂટિનમેં ગોલીબાર કિયા થા'' લેખમાં સત્તાધારીઓની, ભ્રષ્ટાચારની વાતો પ્રમાણિકપણે કરનાર પોતે કેવો ભ્રષ્ટાચાર આચરે છે તે જાણીને વાચકને 'રૂટિનનો' ધક્કો અચૂક વાગે છે.

'પોતાનાથી અંજાઈ ગયેલા માણસો'માં માણસનો અહં ડોકાય છે, તો 'એમ તે કંઈ આપી દેવાતું હશે'માં પરપીડનવૃત્તિથી મેળવાતો તામસી આનંદ નજરે પડે છે. 'લેતી વખતે તારીખ અને ટાઇમ' લેખમાં 'એમ તે કંઈ આપી દેવાતું હશે.' લેખના સંદર્ભમાં મળેલા પ્રતિસાદના ચર્ચાપત્રો જેમાં માણસ પોતે ગુનેગાર છે છતાં નિર્દોષ હોવાનો દાવો કરે છે અને પોતાની નિર્દોષતા માટે જસ્ટિફિકેશન આપતો હોય એવું લાગે છે.

'સો જણ તાળી પાડે, એક જણ ના પાડે' લેખમાં વસ્તુ, વિવેક કે ચોક્કસ વ્યવહાર ન મળ્યાનો વસવસો અને મળ્યાનો હરખ નથી એ દર્શાવ્યું છે. આ લેખમાં જીવનનું સત્ય જાહેર કરીને આપણને આપણા જ ગમા-અણગમા વિશે વિચારતા કરી મૂકે છે.

'ચેતવણી : જીવનાર શીખે છે.' દરેક વ્યક્તિ લાગણીનો મોહતાજ છે. અજાણતાં કરેલી ભૂલ સામી વ્યક્તિને કેટલી હદે નારાજ, અપમાનિત કરી શકે તે તો ભોગવનાર વ્યક્તિ જ જાણે. જીવનમાં કોઈ પણ સ્થાને બિરાજમાન દરેક વ્યક્તિ આ ચેતવણી યાદ રાખી સંબંધ તૂટવાની દુર્ઘટના ટાળી શકે છે.

'શિક્ષાત્મક નિયમોની લાંબીલચક યાદીમાં પણ લેખકે નિયમની જાળમાં ગૂંચવાવાને બદલે બૉસ બની રહેવાનો સીધો ઉપદેશ આપી દીધો છે.

'આપણી લડાઈ 'પણ'...' લેખમાં હકારાત્મક અભિગમ સૂચવીને ગમે તે કામમાં સફળતા મેળવવાની ચાવી આપી દીધી છે. જુઓ :

'આમ, 'પણ' તમને ઠેર ઠેર નડતાં રહે છે. બંગલો સરસ બાંધ્યો છે પણ દૂર બહુ છે. જગ્યા શાંત છે પણ ચોરીનો ભય બહુ છે. છોકરી સુંદર છે પણ ઘમંડી છે, સાહેબ સારા છે પણ પગાર બહુ ઓછો આપે છે. વાંચવાનો શોખ બહુ છે પણ જોઈએ તે ચોપડી મળતી નથી. વાઇસેવર્સા ચોપડીઓ તો બહુ છે પણ વાંચતા નથી. કેમકે દાનત નથી. દાનત હોય તોપણ સમય નથી. માણસ લાગણીવાળો છે પણ મિજાસી છે. વિદ્વાન છે પણ આપવડાઈ બહુ કરે છે.

આવી યાદી વ્યક્તિએ વ્યક્તિએ જુદી જુદી અને નાની-મોટી બને તેમ છે. જીવન જેમ જેમ આગળ વધે તેમ તેમ એ લંબાતી જાય છે. ઘરડાં થયાં પણ ચાકરી કરનાર કોઈ નથી. છોકરાંઓ છે પણ બધાં બહાર છે. પૈસા ખરચીએ પણ માણસ મળતો નથી. ચોપડી ભેટ મોકલે તો છે પણ પછી સમીક્ષા લખવાનું કહે છે.

આમ, આપણી પ્રસન્નતાનો ભાંગીને ભુક્કો કરવા જાતજાતનાં 'પણ' તૈયાર ટાંપીને ઊભાં જ હોય છે. આવાં 'પણ' નડતાં હોય 'તોપણ' તેને જે ગણકારે નહીં તે સાચો મર્દ ! 'પણ'ની સામે જરૂર છે 'તોપણ'ની !

'કેમ બહુ સુકાઈ ગયાં', 'ન દીઠાનું દીઠું – ગોળ કરતા ગાજર મીઠું', 'સૈયા ભયે કોટવાલ' લેખોમાં મનુષ્યના સ્વભાવની બીજી બાજુને વ્યક્ત કરી છે. 'પ્રાણીઓની જીભમાં ઘા રુઝાવવાની શક્તિ છે.' લેખમાં જ્યોતીન્દ્ર દવેના હાસ્યલેખોનો ઉલ્લેખ કરીને તેમના પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કર્યો છે.

ડૉ. વિજય શાસ્ત્રીનું ક્ષેત્ર વાર્તા, નવલકથા, વિવેચન અને વ્યંગ લખાણોનું છે. આ પુસ્તકના વ્યંગાત્મક લેખો ડંખીલા, મર્માળુ હાસ્ય નિપજાવતા, રસિક, હાસ્યની હળવાશવાળા છે. આ લેખોમાં વિવેચકમાં હોવી જોઈએ તેવી ચોકસાઈ છે, સત્યનિષ્ઠા છે, તટસ્થતા છે. આ લેખોનો વ્યંગ સમજણમાંથી પ્રગટેલો હોઈ, ક્યાંય આક્રમકતા, ઉપાલંભ, મહેણા જેવા ઉપચારોનો આશ્રય લીધો નથી.

'પાઘડી બંધ બેસતી' પુસ્તકની ભાષા સરળ છે. ટૂંકાં ટૂંકાં વાક્યો છે, પણ પ્રસંગનો મર્મ તરત સમજાઈ જાય છે.

આ પુસ્તક પરપીડનવૃત્તિ ધરાવનાર લોકોને ઉઘાડા પાડે છે. r